શિક્ષકદિને રાજ્યના શ્રેષ્ઠ ૩૩ શિક્ષકોનું સન્માન કરાયું

# નવી પેઢીના ઘડવૈયા એવા શિક્ષકો સમાજમાં ગુણવાન પેઢી તૈયાર કરે

## ગુજરાતમાં શિક્ષણને ગુણવત્તા સભરબનાવવા શિક્ષકો પ્રયાસ કરે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૪

પૂર્વ, રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ 'શિક્ષક દિન'ની ઉજવણી નિમિત્તે આજે રાજ્યના શ્રેષ્ઠ ૩૩ શિક્ષકોને રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ પારિતોષિક એનાયત કરી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે શિક્ષકને નવી પેઢીના ઘડવૈયા તરીકે તેઓએ બિરદાવી સમાજમાં ગુણવાન નાગરિકોની પેઢી તૈયાર કરવામાં શિક્ષકોની ભૂમિકાને પ્રેરણાદાયી ગણાવી હતી. આજે શિક્ષક દિનની ઉજવણી ટાણે ગાંધીનગરમાં સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યપાલ ડૉ. કમલાજીએ જણાવ્યું હતું કે, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને શિક્ષણને જીવનમાં સર્વોચ્ચ મહત્ત્વ આપ્યું હતું. તેમનું રાષ્ટ્ર નિર્માણમાં અનન્ય યોગદાન રહ્યું છે. આપણા રાષ્ટ્ર માટે શિક્ષણનું ખૂબ જ મહત્ત્વ છે. સ્વતંત્રતા પછી દેશમાં શિક્ષણનો વ્યાપ વધારવાના પ્રચાર-પ્રસારનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે અને તેનાં સારાં પરિણામો પણ મળ્યા છે. શિક્ષણનો પ્રસાર છેવાડાના માનવી સુધી પહોંચે જે અંતરિયાળ વિસ્તારોના વિકાસ માટે અત્યંત આવશ્યક છે. ગ્રામીણ ક્ષેત્રોમાં શિક્ષણ દ્વારા જાગૃતિનો સંચાર થાય અને તેઓ રાજ્યના દેશના વિકાસમાં સક્રિય સહયોગ આપી શકે તે માટેના પ્રયાસો વેગવાન બનાવવા જોઈએ. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શિક્ષકોને શિક્ષણમાં નિરંતર ગુણવત્તાનું સંવર્ધન કરવાની અભિલાષા સાથે ઉત્તર શિક્ષકોને અભિનંદન આપ્યા હતા. તેમણે ડૉ. રાધાકૃષ્ણનના સદાકાળ શિક્ષકના જીવનમાંથી પ્રેરણા લેવા અને ગુણોત્સવ જેવા ગુજરાતે અપનાવેલા નવતર પ્રયોગોથી વિદ્યાર્થી જીવનમાં પોતાનું શિક્ષક તરીકેનું સ્થાન અંકિત કરવા પ્રેરક અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત સરકારે છેલ્લા એક દશકમાં શિક્ષણની નિરંતર પ્રગતિના નવા આયામો હાથ ધર્યા છે અને શાળાઓમાં માળખાકીય સુવિધાની ઉપલબ્ધિ, શિક્ષકોની નિમણૂંકો ઉપરાંત પૂવ પ્રાથમિકથી સ્નાતકોત્તર બધા જ વિદ્યાર્થીઓને વીમા છત્રનું રક્ષણ જેવા નવા પ્રયોગો ગુજરાતે કર્યા છે.



અંકલેશ્વર શહેરમાં વરસાદે સવારથી જ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા નીચાણવાળા ભાગોમાં પાણી પીરામણ નાકા નીચેનો વિસ્તાર તથા નિરાંત નગર જેવા વિસ્તારોમાં ગોઠણભેર સમા પાણી ભરાતા સ્થાનિક રહીશોમાં ભારે ચિંતા પ્રસરી જવા પામી હતી. જે પાણી ભરાતા જિલ્લા તથા સ્થાનિક વહીવટી તંત્ર તરફથી કોઈ પણ જાતની મદદ ન મળતા સ્થાનિક રહીશોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી જે નીચાણવાળા ભાગોની તસવીરો. (તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# ડીસામાં મુસ્લિમ વિસ્તારો રોશનીથી ઝગમગી ઉઠયા : ઈદની તડામાર તૈયારીઓ

ડીસા, તા.૪

ડીસામાં છેલ્લાં દસ દિવસથી ભેદી રોગે ડીલીવાસમાં આતંક મચાવતા મુસ્લિમોમાં રોઝા ઈફતારીના કાર્યક્રમો મોકુફ રાખી બંદગીમાં લાગી ગયા હતા જયારે સોમવારે શબે કદ્રની ઊજવણી પ્રસંગે શહેરની મદીના મસ્જિદ, મક્કા મસ્જિદ, ગરીબનવાઝ મસ્જિદ, મીનારા મસ્જિદ રોશનીથી ઝગમગી ઊઠી હતી રાત્રિની બંદગીની તૈયારી કરવા મુસ્લિમો થનગની રહયા છે જયારે ડીસાના હુસૈની મહેલ ખાતે દરરોજ સાંજે ખાણી-પીણીના બજાર ભરાય છે. ત્યાં મુસ્લિમ હોશે હોશે નાન-પરોઠા-સમોસા, કબાબ તથા ફળફ્રુટ હોશે હોશે ખરીદીને ઘરે લઈ જતા જોવા મળ્યા હતા જ્યારે આજરોજ ડીસા શહેરની રેડીમેડ દુકાનોમાં હજજારો મુસ્લિમો ઈદની ખરીદી કરતા જોવા મળ્યા હતા ખાસ કરીને નાના ભૂલકાઓ પોતાના પિતા સાથે તથા સહપરિવાર સાથે ખરીદી કરવા નીકળતા ડીસામાં ઈદી માહોલ છવાઈ ગયો હતો. જો કે આ વખતે ડીસામાં ઘરે-ઘરે માંદગીના ખાટલાથી થોડી નિરસતા દેખાઈ હતી પરંતુ છેલ્લાં બે દિવસથી ઈદની તડામાર તૈયારીઓ કરતા મુસ્લિમ બિરાદરો નજરે જોવા મળ્યા હતા જ્યારે નવયુવકો દ્વારા શહેરની મસ્જિદોને નવી દુલ્હનની જેમ રોશનીથી શણગારી શબે કદ્રની ઊજવણીમાં વ્યસ્ત રહેલા જોવા મળ્યા હતા.

# સુરસાગરના ધસી પડેલા ઓવારાની મરામત કરાશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

શહેરની મધ્યમાં આવેલા સુરસાગરના ધસી પડેલા ઓવારાના ભાગને રૂા.૯.૬૧ લાખના ખર્ચે બનાવવાના કામને સ્થાયી સમિતી દ્વારા મંજુર કરવામાં આવ્યું છે.

વર્તમાન ચોમાસાની ઋતુમાં થયેલા ભારે વરસાદને કારણે સુરસાગરના ઓવારા નં.૧ પાસે ગાબડુ પડયું હતું. આ ગાબડાના કારણે રોડની સાઈટ ઉપર ધોવાણ થતું હતું. આ ગાબડુ આગામી દિવસોમાં રોડને નુકશાન ન પહોંચાડે તેમજ આગામી દિવસોમાં શરૂ થઈ રહેલા ગણેશ ઉત્સવ દરમિયાન શ્રીજીના થનારા વિસર્જન સમયે કોઈ જાનહાની ન થાય તે માટે સેવાસદન દ્વારા આગામી ગણેશોત્સવની શરૂઆત પૂર્વે ઓવારા નં.૧નું સમારકામ કરવામાં આવશે. સ્થાયી સમિતીમાં આવેલા આ કામને મંજૂર કરવામાં આવ્યું હતું.

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

# વડોદરામાં મધ્યમથી ભારે વરસાદી ઝાપટા : જનજીવનને અસર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

શહેર-જિલ્લામાં આજે આખો દિવસ વરસાદી માહોલ રહ્યો હતો. મધ્યમથી ભારે વરસાદી ઝાંપટા સતત ચાલુ રહેતા જનજીવન ઉપર અસર જોવા મળી હતી.

શહેર-જિલ્લામાં ગત શુક્રવારની મોડીરાતથી ધીમી ગતિએ શરૂ થયેલો વરસાદ આજે આખો દિવસ રહ્યો હતો. દિવસ દરમિયાન શહેર એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સતત ચાલુ રહેલા વરસાદને પગલે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

શહેરમા આજે આખો દિવસ રહેલા વરસાદી માહોલાના કારણે શહેરના વેપાર-ધંધા ઉપર પણ અસર જોવા મળી હતી. પથારાવાળા નાના વેપારીઓ સતત ચાલુ રહેલા વરસાદને કારણે કફોડી સ્થિતીમાં મૂકાઈ ગયા હતા. ગત મોડીરાત સુધી શરૂ થયેલો વરસાદ સર્વત્ર જિલ્લામાં નોંધાયો હતો. પૂર નિયંત્રણ કક્ષના સુત્રોના જણાવ્યા પ્રમાણે કરજણ તાલુકામાં ૧ ઈંચ (૨૮ મી.મી.), શિનોર-૧૭ મી.મી., સંખેડા ૮ મી.મી., વાઘોડીયા ૬ મી.મી., પાવીજેતપુર- ૮ મી.મી, અને ડભોઈ તાલુકામાં ૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ લખાય છે ત્યારે પણ શહેર-જિલ્લામાં ધીમી ધારે વરસાદ ચાલું હતો.

## ડીસામાં ઘર પાસે પાર્ક કરેલી કારની ઉઠાંતરી

ડીસા, તા.૪

મહાવીર સોસાયટીમાં ઊભેલી ગાડી નં. જીજે ૨૩એ ૬૦૦૨ દલાભાઈના ઘરના આગળ પાર્ક કરેલી ગાડી રાત્રિના અંધારામાં તસ્કરો ઊઠાવી ગયા હતા. આ બાબતે શહેર પોલીસ મથકે દલાભાઈએ ગાડીની કિંમત રૂા.૪,૦૦,૦૦૦ની ચોરી ગયાની ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

# ભુખી નદીના નાળા પરથી પટકાતા પ્રૌઢનું કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

ભૂખી નદીના નાળા ઉપર પડી જવાથી માથામાં ઈજા પામેલ કવાંટ તાલુકાના શખ્સનું મોત થયું હતું.

પ્રાપ્ત થતી વિગત અનુસાર જિલ્લાના કવાંટ તાલુકાના ખાંડણીયા ગામે રહેતા મંજલાભાઈ ગુરૂજીભાઈ રાઠવા (ઉ.વ.૪૫) આજે શનિવારે સવારે ગામ પાસેની ભૂખી નદીના નાળા ઉપર લીલને કારણે પાણીમાં પડી ગયા હતા. તે વખતે માથામાં નાળાનું પથ્થર માથામાં વાગ્યું હતું.

લોહીલુહાણ હાલતમાં તેમને બહાર કાઢી સારવાર માટે સયાજી હોસ્પીટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેમને મરણ પામેલ જાહેર કર્યા હતા.

## રાજપીપળામાં મૃત નવજાત શિશુ મળ્યું

રાજપીપળા, તા. ૪

રાજપીપળામાં કચરા પેટીમાંથી મૃત નવજાત શિશુ મળ્યું હતું.

મળતી માહિતી મુજબ રાજપીપળા એલ.સી.બી. ઓફિસ પાસેથી મૃત નવજાત શિશુ મળી આવ્યું હતું જેને કૂતરા તથા ભુંડોએ ફાડી ખાધુ હતું. સ્થાનિક રહીશોની નજર પડતા ભારે બુમરાણ મચી હતી. જયારે કચરા પેટી સામે બે દવાખાના આવેલા છે. જેમાંથી કોઈએ બાળકને ત્યજી દીધું હોય તેવી ચર્ચા ચાલી રહી છે. આ બાબતે ન.પા.ના પ્રમુખને જાણ કરતા તેઓએ ટ્રેકટર મોકલી બાળકને અંતિમ વિધિ અર્થે સ્મશાનમાં મોકલી આપવામાં આવ્યું હતું.

નડિયાદમાં ક્રેડિટ સોસા.ના

# ચેરમેન તથા મેનેજર સામે રૂા.૩ લાખની ઉચાપતની રાવ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા. ૪

નડિયાદની નારાયણ કો.ઓ.સોસાયટીના ચેરમેન તથા મેનેજરે પોતાના હોદ્દાનો દુરપયોગ કરી સોસાયટીમાંથી રૂપિયા ત્રણ લાખની લોન લઈ ભરપાઈ ન કરી છેતરપિંડી કરતા આ બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ નડિયાદના ડભાણ ભાગોળ વિસ્તારમાં આવેલ નારાયણ કો.ઓ.ક્રેડિટ સોસાયટીના ચેરમેન પ્રદીપ ચન્દ્રવદન તેમજ મેનેજર નીલેશ એચ. દવેએ પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી તા.૧૨-૫-૯૫થી ૨૦-૭-૨૦૧૦ સુધીમાં પોતાના સગા-સંબંધીઓના નામે સોસાયટીમાંથી રૂા.૨,૯૩,૦૦૦ની લોન મેળવી લોન પરત ન કરી સોસાયટી સાથે છેતરપિંડી કરી હતી.

આ કૌભાંડ બહાર આવતા નડિયાદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# પાલેજને અલગ તાલુકો બનાવવા પ્રજાની પ્રબળ માંગ : તંત્ર જાગશે ?

(સંવાદદાતા દ્વારા)

પાલેજ,તા.૪

ભરૂચ જિલ્લામાં ૪૨ ગામોની રાજધાની તરીકે ઓળખાતા પાલેજ નગરને તાલુકા મથકનો દરજ્જો આપી નવો પાલેજ તાલુકો રચવા લોક લાગણી પ્રબળ બની છે. પાલેજને તાલુકો બનાવવામાં આવે તો ૫૦ હજાર જેટલી પ્રજાને રાહત થાય એમ છે.

ભરૂચ તાલુકાના વિકસિત એવા પાલેજ ગામનો હાલ ગ્રામ પંચાયત દ્વારા વહીવટ ચાલી રહયા છે. પાલેજ ગામની વસ્તી લગભગ ૧૫,૦૦૦ની આસપાસ છે. પાલેજ ગામમાં તમામ પ્રકારની બજારો પોસ્ટ ઓફિસ, પેટ્રોલપંપ, બેંકો, કોટનજીનો, સરકારી દવાખાનું, ઔદ્યોગિક કંપનીઓ, રેલવે વ્યવહાર, ને.હાઈવે, એસ.ટી. સુવિધા, અનાજના જથ્થાબંધ વેપારીઓ, હોટલો, કાપડ તેમજ તૈયાર કંપનીના વેપારીઓની સવલત છે.

આસપાસના ગામો જેવા કે સીમલીયા, કંબોલી, ટંકારિયા, કોઠી વાતરસા, કિશનાડ ફિકરીયા, આડોલ, ઘોડી, ઈખર, માંકણ, ઓચ્છણ, દોરા, તેલોડ, સાંસરોડ, નારેશ્વર, સારીંગ, ઓઝ, પાછીયાપુરા, માલોદ, સનાપુરા, ગોહી કોરલ વગેરે ગામોના તમામ પ્રકારના વ્યવહાર પાલેજ ગ્રામ સાથે જોડાયેલ છે. આમ આ નામો માટે પાલેજ મથક જીવાદોરી ગામો સમાન છે. આ ગણો ભરૂચ તાલુકાના મુખ્ય બજાર કે સરકાર કચેરી કરતા પાલેજ ગામના ઘણા નજીક હોવાથી તેમનો મુખ્ય વ્યવહાર પાલેજ ગામ સાથે જ સંકળાયેલો રહે છે. ભરૂચ તાલુકાના બહોળા વિસ્તારને ધ્યાનમાં લઈ રાજયના પંચાયત મંત્રીએ પાલેજને અલગ તાલુકા મથકની ફાળવણી કરવી જોઈએ. પાલેજની આસપાસ મુખ્યત્વે કરજણ, આમોદ તાલુકાના ગામો આવેલા છે. આ ગામોની જનતાને રોજીંદા સરકારી કામો અર્થે ભરૂચ ૨૫ કિ.મી., આમોદ ૧૮ કિ.મી. તેમજ કરજણ ૧૫ કિ.મી., સુધી જવું પડતું હોય છે. પાલેજને તાલુકો શહેર કરવામાં આવે તો મામલતદાર કચેરી, સિવિલ કોર્ટ જેવી કચેરીઓનો સામાવેશ થાય જેથી લોકોને નાના કામ માટે ૨૫ કિ.મી. સુધી જવું ન પડે. પાલેજ ગામની વસ્તી પણ છેલ્લા એક દાયકામાં ખૂબ વધી છે.

પાલેજ નગર ૪૨ જેટલા ગામોની રાજધાની સમાન ઓળખાઈ રહયું છે.પાલેજ નગરના અનેક સુવિધાઓ જોવા મળી રહી છે. વળી, હમણા ૨.૫ કરોડના ખર્ચે પાલેજ ખાતે આધુનિક સાધનો સજ્જ સામુહિક આરોગ્ય કેન્દ્ર બંધાઈ રહયું છે. જેથી પાલેજ નગરને તાલુકો બનાવવામાં આવે તો અહી તાલુકા પંચાયત સહિત સિવિલ કોર્ટથી માંડી અનેક સુવિધા ઉભી થઈ શકે છે. જેથી પાલેજનો વિકાસ સાથે ૫૦૦૦૦ જેટલી જનતાને રોજીંદા કામકાજમાં સહેલાઈ થઈ શકે એમ છે. તેમજ સમયના સાથે નાણાની પણ બચત થઈ શકે છે. જેથી વહેલી તકે પાલેજને તાલુકા મથક ઘોષિત કરવા લોકમાંગ ઉઠવા પામી છે.

## વડાલીમાં ત્રણ ઈંચ વરસાદ

હિંમતનગર, તા.૪

સાંબરકાંઠા જિલ્લામાં તા.૪ના સવારે ૯ વાગ્યા સુધીમાં વરસાદના આંકડા નીચે મુજબ છે. ઈડર ૨, ખેડબ્રહ્મા ૧૫, પ્રાંતિજ ૪૧, વડાલી ૭૫, મી.મી. વરસાદ પડયો હોવાનું જાણવા મળે છે.

## શિક્ષણ સમાચાર

### વી.સી.ટી. પી.ટી.સી. કોલેજમાં વિવિધ કાર્યક્રમો ઉજવાયા

વલ્લી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત પી.ટી.સી. કોલેજમાં આચાર્ય મુસ્તાકઅલીના નેતૃત્વ હેઠળ તા.૧૬-૮ના રોજ દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.વાય.માં પટેલ શબાના હિફઝુરરહમાનએ પ્રથમ નંબર અને એફ. વાયમાં સાહિસ્તા એન્ડ ગ્રુપએ પ્રથમ નંબર મેળવ્યો હતો. તા.૨૧-૮ના રોજ વસ્તીચિત્ર સ્પર્ધા લેવામાં આવી હતી. જેમાં એસ.વાયમાં પટેલ ફિરદોશબાનુએ પ્રથમ નંબર અને એફ.વાયમાં પટેલ અનીષાબાનુએ પ્રથમ નંબર મેળવ્યો હતો.

### મૌલાના મદની હાઈસ્કૂલ જંબુસરમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ ગણિત, વિજ્ઞાન પ્રદર્શનમાં શ્રેષ્ઠ કૃતિ જાહેર

મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ જંબુસરમાં "સ્વર્ણિમ ગુજરાત" અંતર્ગત માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આંડા તબસ્સુમ ઈદ્રીસ, બીજા ક્રમે પટેલ હબીબા યુસુફ અને ત્રીજા ક્રમે મુન્શી ઉવેશ મ.તાહીર વિજેતા જાહેર થયા હતા જેઓને શાળાના આચાર્ય બી.આઈ.પટેલે બિરદાવ્યા હતા. આ સ્પર્ધાનું સંચાલન ચિત્ર શિક્ષક કાજી અઝહરૂદ્દીને કર્યું હતું. જ્યારે નિર્ણાયક તરીકે મેમણ એ.યુ. તથા માય. અ. લતીફે જવાબદારી નિભાવી હતી ઉપરાંત પંડિત ઓમકારનાથ શાળા વિકાસ સંકુલ (જંબુસર-આમોદ-વાગરા)નું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૦ સૂરજબા અને એમ.કે.પટેલ સાર્વજનિક વિદ્યાલય-દોરામાં યોજવામાં આવ્યું હતું. આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ-જંબુસરે સામુદાયિક સ્વાસ્થ્ય અને સંચાર વ્યવસ્થા વિભાગમાં મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ-જંબુસરની કૃતિ કુદરતી વનસ્પતિનો આયુર્વેદિક ઉપચાર શ્રેષ્ઠ કૃતિ તરીકે જાહેર થઈ હતી. શાળાના મ.શિ.ભાના એ. આઈ.ના માર્ગદર્શન હેઠળ સખીદાસ જુનેદ ઝેડ. અને પટેલ ફૈસલ ઈલ્યાસે કૃતિને સફળ બનાવવા માટે સઘન પ્રયાસો કર્યા હતા. આ સિદ્ધિ બદલ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી અહમદ યાકુબ પટેલે શાળા પરિવારને બિરદાવ્યો હતો.

### કાવી હાઈસ્કૂલમાં 'વાંચે ગુજરાત' અંતર્ગત પ્રેરણા સભા અને પુસ્તક પ્રદર્શન યોજાયું

કાવી હાઈસ્કૂલનાં મેદાન ઉપર વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત પ્રેરણા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં જીવન ઘડતર ત્યા સંસ્કાર માટે વિદ્યાર્થીઓને વાંચન ભૂખ ઉઘડે, જીવનમાં ઈતરવાંચનની આવશ્યકતા, અભિયાન કાર્યક્રમોની ઝાંખી તથા તેમાં વિદ્યાર્થીઓનો ફાળો એ વિષય ઉપર વકતા તરીકે કનુભાઈ સુથારે અગત્યતા સમજાવી વિદ્યાર્થીઓને પુસ્તકોનો ઉપયોગ કરવા માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ શાળામાં યોજેલ પુસ્તક પ્રદર્શનનો લાભ લઈ મનગમતુ પુસ્તક વાચવા અપીલ કરી હતી. ગ્રંથસારથી અને લાયબ્રેરીયન ઈદ્રિશ એ. પટેલે વિવિધ પ્રકારનાં પુસ્તકોની ઝાંખી કરાવી હતી. શાળાનાં ૭૦૦ વિદ્યાર્થીઓ આ સભામાં હાજરી આપી પ્રેરણા લીધી હતી.

સુપ્રીમ કોર્ટે નાયબ કલેકટરનો ફેંસલો યોગ્ય ઠેરવ્યો

# ખેડા જિલ્લા મદયસ્થ બેંકમાં ઝફરૂલ્લાની જીતને સુપ્રીમની મહોર

નડિયાદ,તા.૪

ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક નડિયાદની ચૂંટણીમાં વિવાદી મામલો કોર્ટમાં ગયા બાદ ઠાસરા વિભાગમાં કોણ વિજેતાનો મુદ્દો અધ્ધર તાલ રહયો હતો. જો કે દેશની સર્વોચ્ચ અદાલતે નાયબ જિલ્લા કલેકટર નડિયાદનાં ફેસલાને માન્ય રાખી ઠાસરા તાલુકાનાં મુસ્લિમ અગ્રણી તથા બિઝનેશમેન મલેક ઝફરૂલ્લામિયાંને વિજેતા યથાવત રાખતા સમગ્ર તાલુકામાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક નડિયાદની ચૂંટણી ગત ઓગસ્ટ ૨૦૦૯માં યોજાઈ હતી. આ ચૂંટણીમાં ઠાસરા વિભાગમાંથી મલેક ઝફરૂલ્લામિયાં ઈસ્માઈલમિયાં, વિક્રમભાઈ વિજયભાઈ પટેલ તથા ચન્દ્રકાન્ત પટેલે ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણીમાં વિક્રમ વિજયભાઈ પટેલનું ઉમેદવારી પત્ર ચકાસણી વેળા ટેકનિકલ કારણસર રદ થયું હતું. જયારે ચન્દ્રકાન્ત પટેલે પોતાનું ફોર્મ પરત ખેંચતા તા.૧૯-૮-૨૦૦૯ના રોજ નાયબ કલેકટર નડિયાદે મલેક ઝફરૂલ્લાને વિજેતા જાહેર કર્યા હતા જો કે વિક્રમભાઈ પટેલે પોતાનું ઉમેદવારીપત્ર ખોટી રીતે રદ થયું હોવાનું જણાવી કોર્ટમાં દાદ માગી હતી. હાઈકોર્ટ તેમની દાદને માન્ય રાખી હતી. જો કે મલેક ઝફરૂલ્લાએ સુપ્રીમ કોર્ટનાં દ્વારા ખખડાવતા સુપ્રીમકોર્ટ નાયબ કલેકટર નડિયાદનાં ફેસલાને માન્ય રાખી મલેક ઝફરૂલ્લાને વિજેતા જાહેર કર્યા છે. શેઠના હુલામણા નામથી ઓળખાતા મલેક ઝફરૂલ્લાના વિજયને તાલુકાની પ્રજાએ વધાવી લીધો હોવાનું જાણવા મળ્યું છે.

# ખેડા જિલ્લામાં વિવિધ બનાવમાં ચારનાં મોત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા. ૪

ખેડા જિલ્લામાં વિવિધ ચાર બનાવમાં ચારના મોત નિપજ્યા હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ નડિયાદના ચકલાસી ભાગોળ વિસ્તારમાં રહેતા મોહનભાઈ નટુભાઈ તળપદા ઉ.વ.૨૭નું તેઓ મહીડા ગામની સીમમાં આવેલ તળાવમાં માછલા પકડવા ગયા હતાં ત્યાં તળાવના પાણીમાં ડૂબી જતા તેમનું મોત નિપજ્યું હતું. નડિયાદ પોલીસે આ બાબતે કાર્યવાહી હાથ ધરી છે.

બીજા બનાવમાં બાલાશિનોર તાલુકાના મોઢણ ગામે રહેતા ચંપાબેન જેણાભાઈ વાઘેલા, ઉ.વ.૪૫એ પોતાની જાતે પોતાના શરીર પર કેરોસીન છાટી સળગી જતા ત્યાં તેમનું મોત નિપજ્યું હોવાનું બાલાશિનોર પોલીસમાંથી જાણવા મળે છે.

ત્રીજા બનાવમાં બાલાશિનોર તાલુકના ગઢના મુવાડા ગામે રહેતા રાજેશભાઈ પ્રતાપભાઈ સોલંકીની પત્ની ઉ.વ.૧૯ સુરેખાબેનને કોઈ ઝેરી જાનવર કરડી જતા તેને સારવાર માટે દાખલ કરતા તેનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હોવાનું બાલાશિનોર પોલીસમાંથી જાણવા મળે છે.

ચોથા બનાવમાં મહુધા તાલુકાના ચૂણેલ ગામે રહેતા શંકુબેન મેલાભાઈ સોલંકી ઉ.વ.૨૭ તા.૧-૯-૨૦૧૦ના રોજ પોતાના ઘરમાં રસોઈ બનાવતા હતા તે વખતે દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર માટે પ્રથમ નડિયાદ સિવિલ અને ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ કરતા તેણીનું મોત નિપજ્યું હોવાનું મહુવા પોલીસમાંથી જાણવા મળે છે.

# પાલેજની બેંક ઓફ બરોડા શાખામાં સુવિધાના અભાવે ગ્રાહકોને હાલાકી

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૪

બેંક ઓફ બરોડાની પાલેજ શાખા ઉપર સવારે ૧૦થી ૧૦:૩૦ વાગ્યાનાં અરસામાં ગ્રાહકોનો ખુબ જમેલો છે. અહિં ૧૧ વાગ્યા સુધી ગ્રાહકોને બેંક લેવડ-દેવડના કામે પ્રવેશ આપવામાં આવતો ન હોવાની લોક ફરિયાદ ઉઠી તેમાંયે વરસાદની સિઝનમાં ઘણા ગ્રાહકો વૃદ્ધો, મહિલાઓ મુશ્કેલી અનુભવે છે. ખાસ કરીને દર મહિનાની પહેલી તારીખે પેન્શનરો વૃદ્ધો મુશ્કેલીમાં મુકાય છે. ગ્રાહકલક્ષી બેંક હોવાનાં બણગા ફુંકતી રાષ્ટ્રીય કૃત બેંકો ગ્રાહકો માટે યોગ્ય બેસવાની વ્યવસ્થા કરવા માટે કેમ પાછીપાની કરે છે. તેના લીધે ગ્રાહકોમાં કચવાટ વ્યાપી ગયો છે. બેંકની શાખા રહેણાંક વિસ્તારમાં આવેલી છે. આથી વાહનોનાં પાર્કીંગને લીધે રહીશોને અવર જવારમાં મુશ્કેલી વેઠવી પડે છે.

# ભા.જ.પ. પાસેથી ખેડા પાલિકા અપક્ષો આંચકી

નડિયાદ, તા.૪

ખેડા જિલ્લાના ખેડા, ડાકોર, મહેમદાવાદ, ચકલાસી તથા મહુધા પાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની આજે ચૂંટણી યોજાઈ હતી જેમાં ખેડા પાલિકા ભાજપ પાસેથી અપક્ષોએ આંચકી લીધી હતી.

| પાલિકા | નામ | હોદ્દો | પક્ષ |
|---|---|---|---|
| ખેડા | વિષ્ણુભાઈ પટેલ | પ્રમુખ | અપક્ષ |
| ડાકોર | રેખાબેન હરીશભાઈ | પ્રમુખ | ભાજપ |
| મહેમદાવાદ | રમણભાઈ વિજયભાઈ વાઘેલા | પ્રમુખ | ભાજપ |
| | ચીમનભાઈ છોટાભાઈ | ઉપપ્રમુખ | ભાજપ |
| મહુધા | જયોતિકાબેન અશોકભાઈ પટેલ | પ્રમુખ | ભાજપ |
| ચકલાસી | મધુબેન પ્રભાતભાઈ વાઘેલા | પ્રમુખ | અપક્ષ |